# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-09-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## જીલ્લા કક્ષાનો 76મો વન મહોત્સવ:

ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે આજે જિલ્લાકક્ષાનો 76-મો વન મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરએ જણાવ્યું હતુ કે, વન મહોત્સવ એ કોઈ ઉજવણી નથી પરંતુ ભાવિ પેઢીને સુરક્ષિત જીવનનો વિશ્વાસ આપવાનો પવિત્ર સંકલ્પ છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં કચ્છ જૈવ વિવિધતાની દ્રષ્ટિએ સમૃદ્ધ જિલ્લો છે, રાજ્યમાં હાલ સૌથી વધુ વનવિસ્તારમાં વધારો કચ્છ જિલ્લામાં નોંધાયો છે.

આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ-પદાધિકારીઓએ વનવિભાગના વૃક્ષરથનું પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર લોકો અને સંસ્થાઓનું સન્માન કરાયું હતું. આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ વધુ માહિતી આપી હતી.

(બાઈટ-વિનોદ ચાવડા, સાંસદ-કચ્છ મોરબી)

---

## પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના-ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાત:

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો 21-મો હપ્તો મેળવવા ખેડૂત આઇડી ફાર્મર રજીસ્ટ્રી ફરજિયાત કરવામાં આવી છે. જે ખેડૂતોએ ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવી ન હોય તેમને સત્વરે નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે.

બાકી રહી ગયેલા ખેડૂતો તાત્કાલિક નોંધણી કરાવી શકે તે માટે ગ્રામ્યકક્ષાએ ઝૂંબેશ સ્વરૂપે આ નોંધણી કામગીરી હાથ ધરવામાં આવી છે. ખેડૂતોએ નોંધણી કરાવવા ગામના

તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવાનો રહેશે. ઉપરાંત, ખેડૂતો જાતે ઘરેથી મૉબાઈલ ઍપ્લિકૅશનથી પણ આ નોંધણી કરી શકે છે. સમાન સેવા કેન્દ્ર CSC અથવા ગ્રામ પંચાયતમાં કમ્પ્યૂટર ઑપરેટર મારફતે પણ નોંધણી કરાવી શકાશે તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## લમ્પી વાયરસ:

જીલ્લામાં ખાસ કરીને ગાય વર્ગના પશુઓમાં આવેલ લમ્પી વાયરસમાં જીલ્લા પંચાયત પશુપાલન શાખા દ્વારા પશુઓની સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે. ત્યારે સરહદ ડેરી દ્વારા પણ ગામે ગામ પશુ કેમ્પ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ સરકારી પશુ ડૉક્ટર સાથે  પાંજરાપોળ વગેરેમાં પણ પશુઓની સારવાર કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, પશુઓના ઘર-ગથ્થુ ઉપચાર માટે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટેનું સિરપ ઉપરાંત હોમીયોપેથિક ઉપચાર માટે દવાઓ, વિટામિન વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પશુપાલન શાખા દ્વારા જિલ્લામાં કરવામાં આવલે લમ્પી સ્કીન ડીસીસ રસીકરણ કાર્યક્રમમાં સરહદ ડેરી દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો અને સરહદ ડેરી દ્વારા 57 હજાર પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલવે:

પશ્ચિમ રેલવે દ્વારા પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ અને ભુજથી ઉપડતી બે ટ્રેનના વધારાના સ્ટોપેજ મંજૂર  કરવામાં આવ્યા છે. રેલવે દ્વારા જારી કરાયેલી અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, ગાંધીધામ-ઈન્દોર ટ્રેનને  સામખિયાળી ખાતે સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ઈન્દોર-ગાંધીધામ એક્સપ્રેસ 20936 બપોરે 12 વાગીને 40 મીનીટે

સામખીયાળી પહોંચી 12 વાગીને 42 મીનીટે રવાના થશે, જ્યારે, ગાંધીધામ-ઈન્દોર 20935 સાંજે 7 વાગીને 10 મીનીટે સામખીયાળી પહોંચી 7 ને 12 મીનીટે રવાના થશે.

એ જ રીતે ભુજ-બરેલી એક્સપ્રેસને માળિયા મિયાણા ખાતે સ્ટોપેજ અપાયું છે. બરેલી-ભુજ 14311 સાંજે 6 વાગીને 43 મીનીટે માળિયા પહોંચી બે મિનિટ બાદ 6 ને પિસ્તાળીસે ભુજ આવવા રવાના થશે. જયારે ભુજ-બરેલી 14312 સાંજે 7 વાગીને 8 મીનીટે માળિયા પહોંચશે અને 7 ને દસે ઉપડશે.

---------------------------------------------------------------------------------------------------

## જીલ્લામાં રસ્તાઓની હાલત:

જીલ્લામાં વરસાદ બાદ રસ્તાઓની હાલત બિસમાર હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

લખપત તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ભેખડો, મીંઢીયારી અને ચામરાઈ સહિતના ગામોમાં રહેતા 5000થી વધુ લોકો રસ્તાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. વિસ્તારના ભેખડોથી દયાપર સુધીનો 20 કિલોમીટરનો રસ્તો કાપવામાં બે કલાકથી વધુ સમય લાગતો હોવાથી પ્રસૂતિ કે, અન્ય કટોકટીની સ્થિતિમાં દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી, સ્થાનિકોએ તંત્ર પાસે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માગ કરી છે.

બીજી બાજુ, હાજીપીર માર્ગ હાજીપીર થી ખાવડા ચોકડી સુધીના માર્ગમાં ૧૫ કિલોમીટર જેટલા રસ્તો ખખડી જતા સ્થાનિક લોકો માટે આ માર્ગ થી ભુજ સુધી આવવું મુશ્કેલ બન્યું છે. જેથી, આ માર્ગનું તાત્કાલિક સમારકામ થાય તેવી માંગણી કરાઈ છે.

---------------------------------------------------------------------------------------------------